નમસ્કાર ગાંધીનગર

પમરાટ

ગુલમ્હોર શોધનારી ઉદાસીને શી ખબર,
હું પાનખરના નામથી પણ થરથર્યા કરું.

આજે તો પેલા મોરના ટહુકાય ક્યાં રહ્યા,
પીંછાના જેવો હું જ ફક્ત ફરફર્યા કરું.

બહુ બહુ તો એક પળને લીલીછમ બનાવશે,
હું ક્યાં સુધી પતંગિયાને કરગર્યા કરું?

મારા વિષાદનાં ગુલાબો મ્હેકતા રહો,
હું તો આ બારમાસી ફૂલે ઝરમર્યા કરું.

- શ્યામ સાધુ

પાથેય

વિષાદનાં ગુલાબ...

- રમેશ ઠક્કર

કેટલાક અનુભવો યાદગાર બની જાય છે.જેના થકી આપણે પરેશાની અનુભવી હોય એવા પ્રસંગો ભૂલી શકાતા નથી.એટલે જ કહેવાય છે કે ઉદાસીનો પટ હંમેશા ઘેરો હોય છે.ઘણા લોકો એવા વિષાદનિ સમયમાં કોઈક આશાનું કિરણ શોધતા રહે છે.એવું કહેવાય છે કે કઈ લાખો નિરાશામાં એક અમર આશા છુપાઈ છે ! આમ જોઈએ તો આ એક ઉત્તમ અભિગમ ગણાય.કેમકે સુખ અને દુઃખની છાયાઓ એ એક સિક્કાની બે બાજુઓ જેવાં છે. ઉદાસેની વચ્ચે ગુલમહોર શોધવું એટલે કે સતત આશાવાદી રહેવું.આ બધાના નસીબની વાત હોતી નથી.કેમકે પાનખરના કેટલાક અનુભવો એટલા બધા ગમગીન કરી જાય એવા હોય છે કે લાંબા સમય સુધી એમાંથી બહાર નીકળવું મુશ્કેલ બની? રહે?છ.લોકો એની યાદ માત્રથી થરથરતા રહે છે...આ ઓથાર કોઈપણ આશાવાદની સામે ટકી રહે છે

ખુશીઓ ઝડપથી વહી જાય છે. હજુ પહેરવામાં એનો સ્પર્શ સળવળતો હોય ત્યાં જ એ અદ્રશ્ય થઈ જાય છે. એની યાદમાં જીવવાની આદત બની જાય છે. ખેતરે જ્યારે લીલોછમ મોલ લહેરાતો હોય,આખી સીમ જ્યારે ફેલાઈને ઉત્સાહમાં રેલાતી હોય.એવા સમયે પક્ષીઓના પગરવ કે મોરના ટહુકા જેણે અનુભવ્યા હોય એ યાદગાર બની જાય છે.ખેતર જ્યારે ઉજ્જડ બને છે ત્યારે રહી જાય છે એ પક્ષીઓનાં પીંછાં અને કેટલીક સૂકી ડાળખીઓ.માણસ ઈચ્છાને સહારે સતત સળવળતો રહે છે.એટલે કે જીવંત રહેવાની અનુભૂતિ કરતો રહે છે. વીતેલી સુખદ પળોને વાગોળવાનું કામ એના જીવનનો એક મુકામ બની જાય છે. વળી વળીને સતાવતી યાદો એના અસ્તિત્વ સાથે જોડાઈ જાય છે.

સુખ ક્યારેય સાગમટે મળતું નથી.જે કંઈ મળતું રહે એમાંથી આનંદ શોધી ગળે લગાડવાનું કામ કરવું પડે છે.હકીકતમાં સુખ જેવું કશું હોતું નથી.જગતમાં જે કંઈ અડચણો છે એને આપણી ચાહત થકી સહચ બનાવી આપણે ખુશી પ્રાપ્ત કરવાની રહે છે. એકાદ પતંગિયાને કરગરી એના થકી સુખની લહેર પામવી એ બહુ બહુ તો એકાદ પળ કે અમુક ક્ષણોને આનંદમય બનાવી શકે.આપણે જો આખું જીવતર લીલુંછમ બનાવવું હોય તો એ માટે આપણો આખોપરીવેશ લીલોછમ બનાવવો પડે !

ફૂલોનું કલ્પન એ કોઈપણ સર્જક માટે મનગમતું છે.એના થકી એ માનવમનના અનેક ભાવોને શબ્દદેહ આપે છે.ગુલાબ એ આમ જોઈએ તો ઉમંગનું પ્રતીક બની જાય છે .પ્રેમના આદાન-પ્રદાનનુ માધ્યમ બની જાય છે.ઘણીવાર એની પાછળ કોઈ વિષાદમય ઘટના સંકળાયેલી હોય છે ત્યારે આપોઆપ આખો માહોલ ગમગીની ગ્રસ્ત બની જાય છે. આપણા આંગણે બારેમાસ ખીલતાં હોય એવા ફૂલો અવિરત ખીલતાં રહે છે.આપણે કદી એની દરકાર કરતા નથી.બારેમાસ ખીલતાં ફૂલો ઝરમરતા રહે છે.એમ જ આપણો રોજિંદો જીવનવ્યવહાર પણ ચાલ્યા કરે છે.ગુલાબ એ પ્રેમની કે ચાહતનું એક પ્રતીક છે.એના થકી વિશાદ અનુભવાય એ પરિકલ્પના કટલી મૌલિક બની જાય છે!ગુલાબની ચાહત એની વચ્ચે છૂપાયેલા કાંટાઓ ઉપર આધારિત છે.કવિઓ આવા પ્રતિકો થકી જીવનની ગહન લાગતી બાબતોને ખૂબ જ આશા નથી આપણી સમક્ષ મૂકી આપે છે.

ધારાવીનો ખૂણેખૂણો એટલે 'ધારાવી બેન્ક'

વેબસિરિઝની દુનિયામાં મારધાડ, હિંસા અને વલ્ગારિટી હવે સર્વસામાન્ય છે. આ બાકી હોય તો રાજકારણના દાવપેંચ ચાલતા રહેશે અથવા માફિયાઓ વચ્ચે સત્તા જમાવવા માટે ઘમાસાણ ચાલતું રહેશે. ટૂંકમાં, સતત ટીવીનો પડદો કોલાહલમય રહે એવી વેબસિરીઝ મોટા ભાગની ચેલન્સ પર જોવા મળે છે. 'ઝી, સોની લિવ, નેટ ફ્લિક્સ, એમઝોન પ્રાઈમ, હોટ સ્ટાર, મેક્સ પ્લેયર, આ બધા સ્ટેશનો પર સતત કોલાહલભર્યું કંઈક ને કંઈક ચાલતું જ રહે છે. એમાં જરા જુદા વિષયવસ્તુને લઈનેકોઈ સિરિઝ આવે તો તરત આપણું ધ્યાન એ બાજુ ખેંચાઈ છે. આવી એક વેબસિરીઝ મેક્સ પ્લેયર પર છે. 'ધારાવી બેન્ક'.

'ધારાવી બેન્ક' નામ પ્રમાણે એશિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટી ધારાવીના ખૂણે ખાંચરાને બહાર લો છે. વાત જુદા વિષયવસ્તુની એ રીતે છે કે, તલૈવન (સુનિલ શેટ્ટી), આખી ધારી પર કબ્જો જમાવીને બેઠો છે. આખા મહારાષ્ટ્રના મિનિસ્ટર્સ ધારાવીના ખૂણામાં એને મળવા જાય છે. તલૈવન ભાગ્યે જ પોતાની ગુફામાંથી બહાર નીકળે છે. એના બે સંતાનો અને માણસો જ બધો વહીવટ કર્યે રાખે છે. ધારાવી બેન્કમાં રાજકારણીઓના કરોડો રુપિયા જમા છે અને તલૈવન એનો ઉપયોગ એમને ચૂંટણી જીતાવડા માટે કરે છે.

હવે, આ તલૈવન મહારાષ્ટ્રના મુખ્યમંત્રી (સોનલ કુલકર્ણી) માટે માથાનો દુઃખાવો બનતો જાય છે અને એને ખતમ કરવા સંજય ગાવસ્કર (વિવેક ઓબરોય) ને જમાબદારી સોંપવામાં આવે છે. સંજય પોતાની ટીમ બનાવી તલૈવન પર હુમલો પણ કરે છે પણ નસીબ જોગે તલૈવન બચી જાય છે, કોમામાં જતો રહે છે. તલૈવન કોમામાંથી બહાર આવે ત્યાં સુધીમાં મુખ્યમંત્રી અને સંજયના સમીકરણ બદલાઈ ચૂક્યા છે. સંજય પોતાના અંગત કારણને લઈને પણ તલૈવનને ખતમ કરવા માગે છે પણ હવે મુખ્યમંત્રીએ પીછેહટ કરી છે.

મન-રંજન
દ્વનિલ પારેખ

ધારાવી બેન્કનું આ કથાવસ્તુ આમ સામાન્ય લાગે પણ જે રીતે એની રજૂઆત થઈ છે એ ધારદાર છે. સુનિલ શેટ્ટી અહીં પ્રભાવત ભૂમિકામાં છે તો વિવેક ઓબરોય પણ કડક પોલીસ ઓફિસરની ભૂમિકામાં જામે છે. સોનાલી કુલકર્ણી સંવેદનશીલ અભિનેત્રી છે જે એના અભિનયમાં ઝળકે છે. ખાસ વાત એ છે કે અગાઉ ઓમપુરી અભિનિત 'ધારાવી' કે નસીરુદ્દીન શાહ, સ્મિતા પાટિલ અભિનિત 'ચક્ર'માં ધારાવી બતાવવામાં આવી હતી. પણ અહીં દિગ્દર્શકે એનો એક એક ખૂણો લોંગ શોટ અને ક્લોઝઅપ અને શોર્ટ શોટથી બતાવવાનો પ્રયાસ કર્યો છે. બાકી,તો 'ધારાવી' ની ગંદકી વિશે કોણ નથી જાણતું ?

ઉર્જાના બે સ્વરૂપ યીન અને યંગની વાત કરીશું અને બીજા ફેંગશુઈના સ્ત્રોત વિષે જાણીશું

યીન તથા યાંગ- ફેંગશુઈ માં યીન અને યાંગ બ્રહ્માંડની બે વિરોધી શક્તિ માનવામાં આવે છે પરંતુ તે એકબીજાની પૂરક છે. એકબીજા વગર તે અધૂરી છે. એક વગર બીજાનું અસ્તિત્વ શક્ય નથી. જેમ કે રાત-દિવસ ,તડકો-છાંયડો ,સ્ત્રી-પુરુષ , સુખ -દુઃખ વગેરે. ફેંગશુઈ અનુસાર યીન અને યાંગનું યોગ્ય સંતુલન હોવું ખૂબ જ જરૂરી છે. અહીં હવાનો ઉપયોગ શ્વાસ લેવાની ક્રિયામાં થાય છે. પરંતુ આ જ હવા વાવાઝોડાનું સ્વરૂપ લઈ લે તો તે વિનાશ પણ સર્જે છે. આમ હવાનું પણ વાતાવરણમાં સંતુલન બનેલું રહેવું જોઈએ એવું જ પાણીનું પણ છે. તેવી રીતે યીન અને યાંગમાં પણ સંતુલન ની વાત કરવામાં આવી છે .ઘરની બાબતમાં જેમ ઘરના દીવાલનો રંગ જો આછો હોય તો ફર્નિચરનો રંગ ઘાટો રાખવો તો જ યીન અને યાંગનું સંતુલન બનેલું ગણાય તેવું કહી શકાય .સામાન્ય રીતે યીનને આંતરિક ઊર્જાના સ્વરૂપે માનવામાં આવે છે.જેમાં નકારાત્મકતા, અસ્થિરતા અને અંધારું છે જ્યારે યાંગ ને બાહય સ્વરૂપની ઉર્જા માનવામાં આવે છે. જેમાં પ્રકાશ , સ્થિરતા, સકારાત્મકતા ,ગરમી , વગેરેનો સમાવેશ થાય છે.

વાસ્તુ અને ફેંગશુઈ
હિતેશ પટેલ

હવે ફેંગશુઈ ના બીજા સ્ત્રોત વિષે જોઈએ.

(૧)- એવીલ આઈ- એવીલ આઈ નામ પ્રમાણે ગુણ ધરાવે છે. જેનો અર્થ ખરાબ આંખ એટલે કે શૈતાન ની આંખ એવો થાય છે. ફેંગશુઈ માં આ ખૂબ જ સુંદર રચના છે. એવીલ આઈ બ્રેસલેટ સ્વરૂપે,ગળામાં વગેરે પહેરી શકાય છે. તેમજ ઘર અને દુકાનમાં પણ તેને લટકાવવામાં આવે છે. જેટલી નજરમાં આવશે તેટલી જ વધારે શુભતા આપશે .વારંવાર નજર લાગવાથી બચાવ થાય છે. નજર દોષ દૂર કરવા માટેનો એક મહત્વપૂર્ણ ઈલાજ છે.

(૨) પાણીનું જહાજ- સમુદ્રી જહાજ અને સમુદ્રમાં મુસાફરી કરવી સમુદ્રને ખેડવો એ વ્યક્તિની એક મહાન ઉપલબ્ધી ગણાય છે. એવી જ રીતે અહીં સમુદ્ર ના જહાજ નું ચિત્ર પણ તરક્કી આપનારું ગણાય છે. આ પાણીના જહાજને ઓફિસ દુકાન માં લગાવવામાં આવે છે અથવા તો તેની આકૃતિ રાખવામાં આવે છે. પરંતુ તે એવી રીતે રાખવામાં આવે છે કે તે બહારથી અંદરની તરફ આવી રહ્યું હોય. વ્યવસાયમાં પ્રગતિ કરવા માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે.ખુબજ સુંદર રચના છે.

(૩)વાંસ નો છોડ- વાંસના છોડને લાંબી આયુષ્યનું પ્રતીક માનવામાં આવે છે અને તેને લિવિંગ રૂમ કે પૂર્વ દિશામાં મૂકવાથી સૌભાગ્યની વૃદ્ધિ થાય છે.વિશિષ્ટ ઈવેન્ટ્સ માટે ટેબલ ડેકોરેશન માટે પણ તેનો ઉપયોગ થાય છે.તે નકારાત્મક ઊર્જાનું શોષણ કરીને સકારાત્મક ઉર્જા વધારે છે.વાંસ નો છોડ વાતાવરણ ને શુદ્ધ કરે છે.વાંસ પ્રકૃતિ ના પાંચ તત્વો માં લાકડા નું પ્રતિનિધિત્વ કરે છે.લાલ રીબીન થી બાંધીને પાણીમાં થોડા સિક્કા નાખી અને કાંકરા વડે ઉગાડવામાં આવે છે.ઘર માં વાંસ નો છોડ પાંચ તત્વો ને સંતુલિત કરે છે.

-hits8483@gmail.com

હાથ લાગે સંબંધોમાં નરી નિરસતા દર વખતે બન્ને હથેળીને, ને તમાચો સમજી બેસે ખુલ્લી હથેળી જોઈ એમ પણ બને" "કેટલાય તડકા ને છાયા હોય છે કહેવાતા સંબધોમાં કેટલાક અપવાદના કિસ્સા ખાટ્ટા નીકળે એમ પણ બને"

સંબંધ એટલે પોતાની જાત પર વિશ્વાસ

ઘણીવાર આપણે બોલતાં હોઈએ છીએ કે મને કોઈની જરૂર નથી,મારે એકલા રહેવું છે, પણ સબંધો વગરનું જીવન શક્ય છે. આપણાં જીવનમા આપણે અમુક સબંધો જાતે બનાવી દેતાં હોઈએ છીએ, કોઇને ભાઈ બનાવીને તો કોઇને બહેન બનાવીને, કોઇને દિકરો કે દીકરી માની ને પણ. સંબંધ એટલે જ બન્ને પક્ષે એક સરખું =સમ બંધ.

માણસને માણસ વગર ચાલી જ ના શકે, છતાં અમુકવાર આ વાસ્તવિકતા ભૂલી માણસ એવું સમજવા લાગે છે કે એને કોઈ સંબધની જરૂર નથી. એટલે જરૂર હોય ત્યારે જ સારુ સારુ બોલી કામ કઢાવી લે એવા લોકો આમાં આવે છે.

।જના સંબંધો ખોખલા થતાં જાય છે સંબંધોમાં લાગણીઓની ભાવનાઓનું સ્તર નીચે જતું જાય છે. એકજ ઘરમાં રહેતા હોવા છતાં સંબધ માત્ર નામ પૂરતા હોય છે.

કારણ ગમે તે હોય પરંતુ માનવી સંબધોનું મૂલ્ય ભુલ્યો ક્યાંક ભૂલી ગયો છે, ખબર નહીં કેમ પણ સંબધો ગરજ પુરતા થઇ ગયા છે. આજના સંબંધો ક્યાંકને ક્યાંક દબાણ હેઠળ નિભાવાતા હોય છે, બાકી સાચી લાગણીઓ હવે નાશ પામી છે.

સંબંધોની બાબતમાં સૌથી મોટી વાત એ સાબિત થાય છે કે આવા લોકો બીજી વ્યક્તિ પાસેથી કંઈક ને કંઈક મેળવવા માટે સંબંધ બાંધે છે. જેમાં પૈસા, વસ્તુ કે લાગણી પણ હોઈ શકે. અમુક લોકોને કામ પતી જાય પછી સંબધની જરૂર રહેતી હોતી નથી, અને એક ઝાટકે સંબધો તોડી બેસતા હોય છે. સંબધોને સાચવવાની કળા અમુક લોકો પાસે જ હોય છે, પરંતુ એક પક્ષે નિભાવી એ પણ મુર્ખ બનતા હોય છે. અને લાગણીશીલ વ્યક્તિ દુઃખમાં સરી પડે છે. ચપટી સાચા વ્હાલની અપેક્ષા હોય ત્યાં વાંધા વચકાના કારણે સંબધો વણસી જતા હોય છે. આપણી આસપાસ અનેક સંબધો પાંગરેલા હોય છે ,તો કોઈક ખરી પડતા હોય છે, કોઈક ખીલતા હોય છે તો કોઈક ભાર રૂપ તો કોઈક હળવા. કશી જ અપેક્ષા વિનાના સંબંધો એટલે મિત્રતાના સંબધો.આસંબંધોમાં સ્વાર્થને સ્થાન હોતું નથી.

ક્યારેક સંજોગોના કારણે વ્યક્તિના જીવનમાં પરિવર્તન આવે તો તેની અસર સંબંધ પર થતી હોય છે. આવા સમયે જ સાચા ખોટા સંબધો સામે આવતા હોય છે અને એની પરખ થતી હોય છે.

એક પ્રસંગ યાદ આવ્યો એક વ્યક્તિ એની નોકરીમાં ન્યાય આપી ઘરના બધાના સપના પુરા કરવા દિવસ રાત મહેનત કરે, પોતાના મોટાભાઈને ફોરેન જવા પોતાની ફિક્સ ડિપોઝિટ પણ તોડી નાખે, સામે પક્ષે મોટાભાઈની વાઈફ રસોઈ કરે અને ઘરનું ધ્યાન રાખે, હવે ઘર નાનું લાગવા લાગે પેલી વ્યક્તિ લોન મૂકી મોટુ ઘર વસાવે પોતે રહેવાનો નથી જ નોકરીની બદલીના કારણે છતાં બધું કરે. છતાં પેલા લોકોને નાની નાની વાતે વાંકુ પડે .છતાં નાનાભાઈનું ફેમિલી બધું જતું કરે. હવે મોટાભાઈનો છોકરો પરણાવવા લાયક થાય, જાણે છે કે નાનો ભાઈ નોકરી કરે છે, અગાઉ થી પ્લાનિંગ વગર રજાનો પ્રોબ્લેમ થશે છતાં બરોબર તારીખ નક્કી કરી આવે અને એ પણ ચાલુ દિવસે . અહીંયા સંબધની સાચી વ્યાખ્યા ખબર પડી જાય. જો પોતાની ગરજ હોત પૈસા માટે નાનાભાઈની તો આગળ પાછળ ફરત, પણ અહીંયા પૈસા આપવા વાળા બીજા મળી ગયા છે એટલે નાનાભાઈને પૂછ્યા વગર નક્કી કર્યું, હવે નાનો ભાઈ આવે કે ના પ્રસંગ થવાનો. આવા અગણિત સંબધો અને દાખલાઓ છે જે ભીતરમાં એક આગ લગાડી જાય છે. માનવી સંબધો સાચવવાનું ભુલ્યો છે પરંતુ કુદરત કશું નથી ભૂલતી. એક સ્ત્રી કે પુરુષ એકબીજાને નથી પરણતા પરંતુ દરેક સભ્યો સાથે પરણે છે સંબધોની અલગ અલગ વ્યાખ્યા સાથે.

એમ પણ બને !
પારૂલ અમિત

દેરાણી જેઠાણી, ભાઈ ભાભીના સબંધ કે પછી માતા પિતા સાથેના સંબંધો. આજે માતા-પિતા પોતાના દરેક સંતાનોને એકસરખું નથી આપી શકતા ભલે કહેવાતું હોય કે માતા-પિતા માટે દરેક સંતાન એકસરખું જ છે એવું હકીકતમાં હોતું નથી.

સાસુમા દેરાણી -જેઠાણી માં પણ આવું જ હોય છે. અલગ-અલગ વ્હાલ બન્ને માટે ભલે બન્ને સરખું કરતા હોય છતાં.

એમના હૃદય નજીકના દીકરાની વહુ એમને સૌથી વધારે પ્યારી અને સારી લાગે છે એ દેરાણી હોય કે જેઠાણી હોય માતા-પિતાને જે સંતાનની લાગણી વધારે હોય એ સંતાનની હંમેશા ચિંતા કરતા હોય છે. ભલેને એ સંતાન પછી કેમ ખરેખર નબળો કે ખૂબ મજબૂત હોય, જે સંતાનની લાગણી જોડે માતા પિતા જોડાયેલા હોય છે એ બાળક તેમની નજરમાં જે કરે એ સાચું જ હોય છે, જ્યારે બીજા બાળક આર્થિક રીતે ગમે તે રીતે માતા પિતાને મદદ કરતા હોય છે તો એમની ફરજ ગણવામાં આવે છે. એક પુરુષ અમુકવાર માતા-પિતા જોડે બગડે નહીં એ બીકે પોતાની પત્નીને પણ ન્યાય નથી આપી શકતો અને એ સંબંધ દબાણ હેઠળ આખી જિંદગી વિતાવે છે એ છોકરો એના મિત્રો સાથે કે કોઈ વખતે તેની પત્ની સાથે ચર્યા કરીને પોતાનું મન હળવું કરતો હોય છે,માતા-પિતાનું સંબંધ માત્ર ગણ્યા પછી એ છોકરાને ફરજ પૂરી પાડવા પૂરતો જ હોય છે એવું મારું મંતવ્ય છે. ભલેને પછી પોતાના લાગણીભર્યા સંતાન પ્રત્યે એમને ઘણું બધું કરી ચુક્યા હોય છે પોતાની આર્થિક મૂડી પણ એને સોંપી દીધી હોય છે જ્યારે બીજી બાજુ બીજું સંતાન કાંતો મા-બાપથી જુદું રહેશે કાં તો પતિ-પત્ની ડિપ્રેશનમાં જીવતા હોય છે આવા અનેક પ્રસંગો અને બનાવો સમાજમાં બની રહ્યા છે. સંબધોમાં ઝગડા, સંઘર્ષ, સતત તણાવ ગ્રસ્ત રહ્યાં પછી દરેક માણસ સ્વાભાવિક રીતે શાંતિ ઈચ્છે છે. અમુક લોકો જિંદગીને એટલા મોકા આપે અને એટલી સહન શીલતા દાખવે કે સામે વાળો માણસ પોતાના જ મંતવ્યો, મરજી અને અભિપ્રાય થોપી બેસાડે, આમાં વાંક આપણો જ હોય છે. ક્યારેય હૈયાની દ્રષ્ટિ વસાવી શકતા નથી કે નથી હાશકારો આપી શકતા કે નથી ખુદ લઈ શકતા.

parulamit198@gmail.com

- ૭૨૦૧૦૦૧૪૮૨

"ખાદ્યખુરાક એક્ઝીબિશનના થોડા બીહાઈન્ડ ધ સીન"

મૂળભૂત રીતે કોઈ પણ જીવ માટે આહાર એ શરીરને ચાલતું રાખવા જરૂરી ઊર્જાનું માધ્યમ છે. પાષાણ યુગમાં શિકાર કરીને ખવાતા કાચા માંસના સ્થાને પકાવીને ખાવાની શરૂઆત થઈ. કાચા માંસથી શરૂ થયેલું આહાર ચક્ર આજે રાંધવાની કળા બની છપ્પન ભોગ અને બત્રીસ પકવાન સુધી પહોંચી છે. ભારતીય સંસ્કૃતિમાં છેક કૃષ્ણ કાળથી ભોજનનું વૈજ્ઞાનિક મહત્વ અને વિશ્લેષણ મળી આવે છે. હિંદુધર્મના સૌથી મોટા આસ્થાના કેન્દ્રમાં ભગવદ ગીતા છે. ગીતામાં અધ્યાત્મબોધની સાથે ધરતી પરના પામર માનવ જીવનના અનેકવિધ પાસાઓ પણ આવરી લેવાયા છે અને અનોખા વૈજ્ઞાનિક અભિગમ વાળી નક્કર વાતો જોવા મળે છે. ગીતાજીમાં "ભોજન" જેવી સ્થૂળ બાબતનો પણ સુંદર રીતે સમાવેશ થયેલો છે. ગીતાજીમાં શ્રી કૃષ્ણ કહે છે કે સર્વ પ્રાણીના શરીરમાં રહેલ વૈશ્વાનર અગ્નિના રૂપમાં પરમેશ્વર પોતે છે, અને તે નીચે દર્શાવેલા ચાર સ્વરૂપોમાં આહારને પચાવે છે. ભક્ષ્ય : ચાવવું પડે તેવા ભોજનને ભક્ષ્ય કહેવામાં આવે છે. ભોજ્ય : પ્રવાહી સ્વરુપે લેવાતા ભોજનને ભોજ્ય કહે છે. લેહ્ય : ચાટીને ખવાતો આહાર. ચૌષ્ય : ચૂસીને ખવાતા ફળોનો સમાવેશ થાય છે.

વેસ્ટર્ન મુવીઝમાં એક નવી પહેલ થયેલી, ફીલ્મ પતે અને લોકબોલીમાં જેને આપણે સૌ "નંબરીયા" કહીએ છીએ તે આવે ત્યારે આખી ફીલ્મના નિર્માન દરમિયાન બિહાઈન્ડ ધ સીન ફૂટેજીસ દેખાડવામાં આવતા. આ પાર્ટ ખરેખર ખુબ જ રસપ્રદ હોય છે. આ ફૂટેજીસમાં ફીલમના મેકીંગ દરમિયાન બનેલી હળવી રનુજી ઘટનાઓ, દુર્ઘટનાઓ અને અન્ય દશ્યો પણ દેખાડવામાં આવે છે. પરંતુ જીવનમાં આવા બીહાઈન્ડ ધ સીન બહુ ઓછા જોવા મળે છે. આજે આપણે આગામી તારીખ ૧૫ ડીસેમ્બર ૨૦૨૨થી શરૂ થઈ રહેલા "ખાદ્યખુરાક એક્ઝીબિશન ૨૦૨૨ની થોડી બીહાઈન્ડ ધ સીન હીસ્ટ્રી જાણીએ. ચાર દીવસના આ કાર્યક્રમમાં અંદાજે એક લાખ કરતા વધુ મુલાકાતીઓ આવે છે, કાર્યક્રમના આયોજકોનું એક લાખ કરતા વધુ સ્વરોજગારનું લક્ષ્યાંક છે અને ભારતીય આહારને આંતરરાષ્ટ્રિય કક્ષાએ લઈ જવાનુ અને તેને એક બ્રાન્ડ બનાવવાનું મિશન એટલે ખાદ્યખુરાકે પ્રદર્શન

વીસેક વર્ષ પહેલાં ભાવનગરના આદિત્ય આઈસક્રીમના માલીક શ્રી પ્રકાશભાઈ મહેતાને વિચાર આવ્યો કે કશુંક એવું થવું જોઈએ જેનાથી ફૂડ ઉત્પાદક ભલે નાનો હોય કે મોટો તેને લેટેસ્ટ મશીનરીનું જ્ઞાન મળે તેમજ એક એવું પ્લેટફોર્મ બને જ્યાં ફૂડઉત્પાદક, રિટેલર, હોલસેલર, ફૂડ મશીનરી ઉત્પાદક, એક્સપોર્ટર બધાં એક સ્થળ પર જ ભેગા થાય અને તે રીતે ફૂડ ઈન્ડસ્ટ્રીનો વિકાસ થઈ શકે. તેમણે કોલેજના પહેલા વર્ષમાં ભણતા પોતાના દીકરા હિમાચલ સાથે વાત કરી અને શરૂ થઈ એક રાષ્ટ્રીય લેવલની અનોખી ઈવેન્ટ જે આજે આંતરરાષ્ટ્રિય કક્ષાની ઈવેન્ટ બની ચૂકી છે. આ ઈવેન્ટ એટલે ખાદ્યખુરાક પ્રદર્શન. આ બાપ દીકરા માટે શરૂઆત સહેલી નહોતી. કલાકો સુધી સ્ટોલ મેળવવા અલગ અલગ ઓફિસો બહાર બેસી રહેવું, ક્લાયન્ટને સમજાવવા અને તે પછી ભાવનગરમાં જ હેડ ક્વાર્ટર રાખીને અમદાવાદમાં માત્ર ૫૫ સ્ટોલ સાથેનું પહેલું એક્સીબિશન કરવું.

સાચો આંત્રપ્રિન્યોર કેવો હોય એ જોવું હોય તો હિમાચલ મહેતાને મળવું પડે. માત્ર ચાલીસની ઉંમરે હિમાચલ ભાઈ આજે ફૂડ ઈન્ડસ્ટ્રીમાં કાઠું કાઢી ગયેલ જાયન્ટ ઈવેન્ટના પ્રણેતા અને ઓર્ગેનાઈઝર છે. આદર્શને વરેલા આ પિતા પુત્ર વચ્ચે પહેલાજ પ્રદર્શનથી ઘણાં પ્રલોભનો વચ્ચે પણ નોનવેજ ફૂડને લગતા કોઈ સ્ટોલ, ફોટા કે જાહેરાત કદી નથી લીધા. સ્વદેશી કંપનીઓને પ્રોત્સાહન આપવા અને પ્રમોટ કરવા ફોરેનની કોઈ ડાયરેક્ટ કંપનીને નથી સમાવી. રાષ્ટ્રીયતાને અગ્રતા ક્રમ અને ખાસ તો ભાવનગર અને ગુજરાતમાં જ મળતી હોય તે વસ્તુઓને પ્રાધાન્ય આપ્યું છે. ૫૫ સ્ટોલ થી શરૂ કરેલી સફર ૧૨૦૦ સ્ટોલ સુધી પહોંચેલી અને વાઈબ્રન્ટ ગુજરાત પછીની ગુજરાતની બીજા નંબરની ઈવેન્ટ બની ગઈ છે.

જાત સાથે વાત
ધર્મેન્દ્ર ત્રિવેદી

"ફાર્મ ટુ ફોર્ક" સુધી મશીનરી સેકશન અને ફૂડ પ્રોડક્ટ્સ એમ બે ભાગમાં વહેંચાયેલો આ ઈવેન્ટ માત્ર કમર્શિયલ ઈવેન્ટ નથી, પરંતુ ભારતીય વ્યંજનને સ્વદેશી રેસિપીને કોમર્શિયલાઈઝ કરવી સ્ટાન્ડર્ડાઈઝ કરવાનો ઉમદા હેતુ પણ ખરો. સ્ટોલ બુકિંગ માટે પોષણ ક્ષમ, હાઈજેનિક, રીઝનેબલ, કોમ્પેક્ટ અને ઝડપી મશીનરી એ પૂર્વશરત છે. પાણીપુરીના હાઈજેનિક ,ઓટોમેટિક લેટેસ્ટ ડીસપેન્સર પણ જોવા મળે છે તો લેટેસ્ટ રોબોટ જેની મેમરીમાં ૨૦૦ જેટલા ચાના સ્વાદ સ્ટોર છે અને તે મુજબની એકદમ પરફેક્ટ સ્વાદની ચા બનાવી શકે છે. હિમાચલ મહેતામાં કમાણીની સાથોસાથ સામાજીક નિસ્બત ધરાવે છે. તેમણે ઘણાં કલાકારોને પ્રમોટ કરવા, મદદરૂપ થવાનું કાર્ય કર્યું છે. પરંતુ ખાદ્યખુરાક એક્ઝીબિશનમાં ખાસ ભાવનગરના ચિત્રકારોને તેમણે મોટીવેટ કર્યા તેમની બધીજ વ્યવસ્થા ખાદ્યખૂરાકે કરી છે અને તેમને ફ્રી સ્ટોલ આ પ્રદર્શનમાં આપવામાં આવ્યો છે. જ્યાં લગભગ ૨૦૦ જેટલા ચિત્રો પ્રદર્શન અને વેંચાણમાં મુકાશે. હવે તેઓ કળાકારોના આ કોર્નરને વિકસાવીને ગુજરાતના કળાકારોની કળાનું એક પ્રદર્શન યોજવા વિચારે છે જેનાથી આ કળાકારોની કળાકૃતિઓ માટે હોટેલ ઈન્ડસ્ટ્રીમાં પણ જગ્યા બને અને કળાકાર ગરીબ છે એવા અભિશાપમાંથી મુક્ત બને.

હેન્ડબ્રેક :

મારુ પેટ પ્રાણીઓના મૃતદેહોનું કબ્રસ્તાન નથી

- જ્યોર્જ બર્નાર્ડ શો

ઈમેઈલ : djtrivedi@yahoo.com
મોબાઈલ : ૯૯૭૮૪૦૫૯૬૭